॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

શ્રી વિહાર સેવા ગ્રુપ સંચાલિત

# ગુડ મોર્નિંગ ન્યુઝ

વર્ષ-૧, અંક - ૩ ભાદરવા સુદ-૧૨, ૨૦૬૯ તા. ૧૬-૯-૧૩

તંત્રી : ડૉ. સંજયભાઈ શાહ – સુરત

## લજ્જા ગુણૌઘજનની ॥

કન્ફ્યુસશે દીકરીને પ્રશ્ન કર્યો :
સ્ત્રીના ગાલ પર ચોપડવાની શ્રેષ્ઠ લાલી કઈ ?
દીકરીએ દુનિયાના કોઈ પણ બજારમાં
વેચાતી ન મળે એવી લાલીનું નામ આપ્યું.
જેનું નામ હતું : લજ્જા.
લજ્જા એટલે લાજ.
લજ્જા એટલે શરમ.
આ ગુણની મોનોપોલી માત્ર સ્ત્રીની જ નથી,
પુરુષ પણ લજ્જાળુ હોવો જોઈએ.
ધર્મરત્નપ્રકરણમાં શાંતિસૂરિ મહારાજ
લજ્જાળુ આત્માનું વર્ણન કરતાં લખે છે...
લજ્જાળુ નાના પણ અકાર્યને કદી કરે નહિ.
હંમેશા સદાચારનું પાલન કરે.
અને પોતે જે જવાબદારીને સ્વીકારી હોય
તેને જાનના જોખમે અદા કરે.
આ એક ગુણમાં તાકાત છે.
બીજા અનેક ગુણોને ખેંચી લાવવાની.
સાગરમાં નદી સમાય
એવું ઘણીવાર સાંભળ્યું છે,
પણ લજ્જા નદી જીવનમાં પ્રવેશે
તો જીવનમાં ગુણોનો મહાસાગર ઉભરાય છે.
એ અનુભવથી જ સમજાય તેમ છે.


## પરોપકારાય સતાં વિભૂતયઃ ॥

દારૂડિયાને દારૂ વગર ન ચાલે,
જુગારીને જુગાર વગર ન ચાલે, તેમ
પરોપકારનું જેને વ્યસન પડી જાય
તે પરોપકાર કર્યા વગર રહી ન શકે.
સજ્જન પુરુષો આ ધરતી પર
પરોપકાર કરવા માટે જન્મ્યા હોય છે.
દિવસમાં એક વખત પણ
પરોપકાર કર્યા વગર એને ચેન ન પડે.
સાગર પાણીનો માલિક હોવા છતાં
પોતાના માટે એનો ક્યારેય ઉપયોગ નથી કરતો.
પરોપકારી આત્મા પણ
પોતાના સુખ અને સગવડોને
બીજા માટે લુંટાવી દે છે.
ઉપકારી કે અપકારીનો ભેદ રાખ્યા વગર
તે પરોપકાર કરતો રહે છે.
લલિતવિસ્તરા ગ્રંથમાં
તીર્થંકર પરમાત્માનો મહત્ત્વનો ગુણ બતાવ્યો છે,

आकालमेते परार्थव्यसनिनः ।

ધર્મદેશના આપવા દ્વારા
જગતના જીવોને સન્માર્ગે વાળતા હોવાથી
તીર્થંકર પરમાત્મા
આ જગતના શ્રેષ્ઠ પરોપકારી છે.

- ક્વોલિટી



# મોrningગ ટોક

– પં. શ્રી મહાબોધિ વિ. ગણિવર

સંબંધની વ્યાખ્યા શું ?

બહુ વિચિત્ર જવાબ છે.

એકબીજાની સાથે રહેવું એ સંબંધ નથી, એકબીજાને સમજતા રહેવું... એ ખરો સંબંધ છે.

જગતના દરેક તત્ત્વોને કલંક લાગેલું છે. સૂર્યને ગ્રહણનું, ચંદ્રને રાહુનું, પ્રકાશને અંધકારનું, દિવસને રાત્રિનું, સંયોગને વિયોગનું, સુખને દુ:ખનું, ફૂલોને કરમાવાનું... એમ સંબંધ પણ આ કલંકથી મુક્ત નથી. જે બંધાય છે તે છૂટે છે... તૂટે છે.

કમાલની વાત તો એ છે... જ્યારે સંબંધ તૂટે ત્યારે માણસ હંમેશા સામા માણસને દોષ દે છે, સામા માણસનો વાંક કાઢે છે. પોતે તો જાણે સાવ નિર્દોષ હોય તેવો દેખાડો કરે છે.

પણ યાદ રાખો, સંબંધ તૂટે ત્યારે કદાચ બેમાંથી એક માણસ જવાબદાર હોઈ શકે, પણ જ્યારે સંબંધ બંધાય છે ત્યારે તો બે માણસોથી જ બંધાતા હોય છે.

પ્રશ્ન એ છે... જે વ્યક્તિ સાથે સંબંધ બાંધ્યો... ત્યારે એ વ્યક્તિ સોનાની લાગતી હતી; અને જ્યારે એ સંબંધ તોડવા તૈયાર થયા ત્યારે એ જ વ્યક્તિ પથ્થર કરતા ય બેદ કેમ લાગે છે ? શું વ્યક્તિ બદલાઈ ગઈ કે એ વ્યક્તિને જોવાની આપણી દૃષ્ટિ બદલાઈ ગઈ ?

મારું એવું ભારપૂર્વક માનવું છે... સંબંધો મોટાભાગે ધારણાઓથી – ભ્રમણાઓથી જ તૂટતા હોય છે. એક જ અનુભવના આધારે માણસને માપવો કે મૂલવવો ન જોઈએ. એમ કરવાથી કદાચ આપણે તેને અન્યાય કરી બેસશું. આ બાબતમાં દરજીનું દ્રષ્ટાંત ધ્યાનમાં લેવા જેવું છે. દરજી જેવો દરજી પણ એકની એક વ્યક્તિ જ્યારે બીજીવાર આવે છે ત્યારે જુના માપથી કપડા સીવી નથી આપતો, દરેક વખતે નવું માપ લ્યે છે. તો એકના એક અનુભવના આધારે માણસ માણસને માપવાની ભૂલ શા માટે કરે છે ? શું ગઈકાલની મિઠાઈ આજે બગડી શકે છે, તો આજનો દોષિત માનવી કાલે સુધરી ન શકે ?

એક વાતનો ખ્યાલ છે ? સૂર્ય ફરે છે એની સાથે સમય બદલાય છે. સમય બદલાય છે એની સાથે પડછાયા પણ બદલાતા રહે છે. નિર્જીવ પડછાયા જો બદલાઈ શકતા હોય તો માણસ તો ચેતન છે. ગઈકાલનો પાપી આજે જરૂર ધર્મી બની શકે છે. બાકી એક વાત ભૂલશો નહિ, સંબંધો તોડી નાંખવા બહુ સહેલા છે, પણ તૂટેલા સંબંધોને જીરવવા સહેલા નથી. સાવધાન ! સંબંધ તોડવા કરતા સંબંધ બાંધતા પહેલા જ સાવધાન થઈ જાવ.

• • •

# મોrningગ સ્ટોરી



એકવાર એક દાદા અને પૌત્ર ગામની બહાર નીકળ્યા. બે બાજુ લીલાછમ ખેતરો હતા. સર્વત્ર નીરવ શાંતિ.

ચાલતા ચાલતા ખેતર પાસેથી પસાર થતા પૌત્રએ જોયું તો બાજુમાં કોઈ ખેડૂતનો ફાટેલો ઝભ્ભો અને બૂટ પડ્યા હતા. પૌત્ર યુવાન હતો. યુવાન સહજ મસ્તી અને ટીખળ કરવાની એને ઈચ્છા થઈ.

એણે દાદાને કહ્યું : દાદાજી ! આપણે આ ખેડૂતના બૂટ અને ઝભ્ભો લઈને ઝાડ પાછળ સંતાઈ જઈએ. પછી એ આવશે ત્યારે એને બૂટ વગેરે નહિ દેખાય... એટલે ગુસ્સે થશે, રાડો પાડશે, ગાળો આપશે... એ વખતે એના બદલાયેલા હાવભાવ જોવાની ખૂબ જ મજા આવશે.

આ સાંભળતા દાદાજી થોડા ગંભીર થઈ ગયા. એમણે કહ્યું : બેટા ! તું સુખ/સગવડમાં ઉછર્યો છે એટલે તને ખબર નથી કે ગરીબી શું હોય અને ગરીબના નિસાસા કેવા હોય ? મારા વ્હાલા દીકરા ! ક્યારેય કોઈ ગરીબની મશ્કરી કરીને એની હાય નહિ લેતો.

ઉમાશંકર જોષીના આ શબ્દો ક્યારેય નહિ ભૂલતો :

**'ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે,**
**ખંડેરની ભસ્મકણી ન લાધશે.'**

બેટા ! જો તારે એના ચહેરાના હાવભાવો જ બદલવા હોય તો એક કામ કર. એ ગરીબ ખેડૂતના બેય બૂટમાં પાંચ-પાંચ રૂપિયાનો એક સિક્કો મૂકી દે. પછી ઝાડ પાછળ સંતાઈને આપણે જોઈએ. શું થાય છે.

યુવાનને આ વાત ગમી. એણે એમ જ કર્યું, પછી ઝાડ પાછળ છુપાઈ ગયા.

થોડીવારમાં ખેડૂત આવ્યો. ફાટેલો ઝભ્ભો પહેર્યો અને તૂટેલા બૂટમાં જેવો પગ નાંખ્યો કે કંઈક ખટક્યું. જોયું તો ૫-૫ રૂપિયાના બે સિક્કા. આ જોઈને એ ભાવવિભોર બની ગયો. એણે બે ય સિક્કા લઈ પરમાત્મા સામે આકાશમાં દૃષ્ટિ કરી મોટેથી બોલવા લાગ્યો : હે પ્રભુ ! તેં કમાલ કરી. મારી પત્ની માંદી છે, દીકરા ભૂખ્યા છે. આજે મને પૈસાની ખૂબ જરૂર હતી. તેં એકદમ ટાઈમ પર મદદ કરી. તારો ખૂબ આભાર. અને તેં જેના થ્રુ આ ભેટ મોકલાવી... એનો ય ખૂબ આભાર.

આ સાંભળતા જ યુવાનની આંખો ભીંજાઈ ગઈ. ખેડૂતના ચહેરાની પ્રસન્નતા જોઈ એને ખૂબ આનંદ થયો. આવો સરસ રસ્તો બતાવનાર દાદાજીના ચરણોમાં એ ઝૂકી ગયો. દાદાએ પૌત્રના મસ્તક પર હાથ ફેરવતા ફેરવતા કહ્યું : બેટા ! આપણી આનંદ પામવાની રીત એવી હોવી જોઈએ, જેથી કોઈ ગરીબને નુકસાન ન થાય. તેં બૂટ સંતાડી દીધા હોત તો તને આ ગરીબ ખેડૂતના આશીર્વાદ ન મળ્યા હોત. સુખી થવાનો એક જ માર્ગ છે....

બીજાને થોડા સુખી કરીએ.

One way to be Happy is to make others Happy.

- પં. શ્રી મહાબોધિ વિ. ગણિવર



# મોrningગ વિહાર

સંકલન : વિપુલભાઈ-વલસાડ
(મો.) ૯૮૯૮૭૮૦૮૯૭

## જૈન સાધુની વિહારયાત્રાથી વેટિકન સ્ટેટના પોપ પણ પ્રભાવિત

એમનું નામ નટુભાઈ.

જન્મે કચ્છી જૈન. તેઓ હાલમાં વડોદરા-નિઝામપુરામાં રહે છે. અંગ્રેજી ભાષા પર તેમનું અદ્‌ભુત પ્રભુત્વ છે. મિસિગન યુનિવર્સિટીએ એમણે બનાવેલ સંક્ષિપ્ત ગ્રામરને માન્ય કર્યું છે.

અવાર-નવાર તેઓ વિદેશમાં યુરોપ, ગ્રીસ, જર્મની, ઈટાલી વગેરે દેશોના પ્રવાસે પણ જતા હોય છે.

ગયા વર્ષની જ વાત છે. ઈ.સ. ૨૦૧૧ના સમર વેકેશનમાં પોતાના મિત્રો સાથે તેઓ ઈટલી-જર્મનીના પ્રવાસે ગયા હતા. ૧૬મી મેના દિવસે વેટિકન સિટિના પ્રવાસનો કાર્યક્રમ હતો. જે વેટિકન જાય તે ત્યાંના પોપને મળ્યા વગર ભાગ્યે જ આવે.

નટુભાઈ અને એમના મિત્રો પણ પોપને મળવા માટે લાઈનમાં ઊભા હતા. ત્યાં ઉભેલી દરેક વ્યક્તિને શરૂઆતમાં જ પોપના આસિસ્ટંટ દ્વારા તેઓ કયા ધર્મના છે... એવું પૂછવામાં આવતું. નટુભાઈનો નંબર આવતા નટુભાઈએ જવાબ આપ્યો... I am a jain. આ સાંભળીને નજીકમાં ઉભેલા નાના પાદરીએ પોપને સમાચાર આપ્યા. પોપે નટુભાઈ સાથે મિટિંગ કરવાની વાત કરતા નટુભાઈએ હા કહી. લાઈનમાં ઉભેલા બધા પ્રવાસીઓને ઊભા રાખી પોપ અને નટુભાઈ એક રૂમમાં મુલાકાત માટે બેઠા.

માત્ર ૧૦ મિનિટની અલ્પ મુલાકાતમાં પોપે નટુભાઈને ત્રણ પ્રશ્ન પૂછયા.

જેમાં પહેલો પ્રશ્ન અહિંસા સંબંધી હતો. જૈન સાધુ તથા શ્રાવકો સૂક્ષ્મ અહિંસા કેવી રીતે પાળી શકે ? એ અંગે અશક્યતાઓ તથા આશ્ચર્ય એમણે વ્યક્ત કર્યા હતા.

બીજા પ્રશ્નમાં જૈન શાસનમાં થતી શાસન પ્રભાવનાની, અનુષ્ઠાનો પાછળ વિપુલ પ્રમાણમાં થતા ધનના સદ્‌વ્યય અંગેનું રહસ્ય જાણવાની તેમની જિજ્ઞાસા હતી.

ત્રીજા અને છેલ્લા પ્રશ્નમાં જૈન સાધુઓના ચુસ્ત આચારપાલન... એમાં પણ વિહારયાત્રા અંગે સવિશેષ આશ્ચર્ય સહિત પ્રશ્ન કરેલ. નટુભાઈએ ત્રણેય પ્રશ્નોના સંતોષકારક ઉત્તર આપેલ. તેમ છતાં પોપને સંતોષ ન થતા શું જૈન સાધુ ભગવંતો આજે પણ સમગ્ર ભારતમાં પદયાત્રા દ્વારા વિચરે છે ? આ પ્રશ્ન બે થી ત્રણ વાર તેમણે પૂછેલ. અંતે સંતોષપ્રદ ઉત્તર મળતાં તેમણે સુખદ આશ્ચર્ય વ્યક્ત કરેલ.

સુશ્રાવક નટુભાઈએ પણ પોપની જૈન સાધુના આચારોને જાણવાની તીવ્ર જિજ્ઞાસા જાણી તેમને ભારત આવીને રૂબરૂ સાધુ ભગવંતો સાથે મુલાકાત માટેનું આમંત્રણ આપ્યું.

આ ઘટનાના ૬/૮ મહિના પછી પોપે ફોન દ્વારા નટુભાઈનો બે વાર સંપર્ક પણ કરેલ.

[આ સંપૂર્ણ હકીકત (વિ.સં. ૨૦૬૯ના ફાગણ મહિના દરમિયાન) પૂ.ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરી મહારાજે સુશ્રાવક નટુભાઈના ગૃહાંગણે પગલા કર્યા... ત્યારે તેમણે સ્વમુખે જણાવેલ.]

– • – • –

આ ઘટના લખવાનું તાત્પર્ય એટલું જ કે... સમસ્ત વિશ્વમાં પગે ચાલીને સતત વિહાર કરતા જો કોઈ ધર્મના સાધુઓ હશે... તો તે માત્ર જૈન ધર્મના જ છે. પણ છેલ્લા દસેક વર્ષથી આ વિહાર યાત્રાને જાણે ગ્રહણ લાગી ચૂક્યું છે. વધતા જતા વેહિકલ્સ, ઘટતી જતી ટ્રાફિક વ્યવસ્થા, બેફામ ડ્રાઈવિંગ આદિ અનેક કારણોસર સેંકડો સાધુ-સાધ્વીજી ભગવંતોના વાહનો દ્વારા અકસ્માત થઈ રહ્યા છે. ક્યારેક એવો વિચાર આવી જાય છે... શું અકસ્માતના ભયથી શ્રમણ ભગવંતોની વિહાર યાત્રા બંધ તો નહિ થઈ જાયને ? ક્યાંક કોઈ માતા-પિતાઓ પોતાના બાળકોને ચારિત્રના માર્ગે મોકલવા નિષેધ તો નહિ કરેને ? ખબર નહિ, આ હૂંડા અવસર્પિણી છે, પાંચમો આરો છે... અહીં ન બનવાનું બન્યું છે, અને ઘણું બધું હજી બની શકે છે.

અલબત્ત જ્યાં સુધી વિહાર સેવા ગ્રુપના મેમ્બરો જાગૃત છે... ત્યાં સુધી તો શ્રમણોને - શ્રમણોની વિહારયાત્રાને ઊની આંચ નહિ જ આવે. એવી અમને શ્રદ્ધા છે, વિશ્વાસ છે.

વિહાર સેવા ગ્રુપના મેમ્બરો અમારા વિશ્વાસને અખંડ રાખશે એવો પણ વિશ્વાસ રાખીએ તે અસ્થાને નહિ જ ગણાય.

• • •

## વિહાર સેવા ગ્રુપ સંમેલન

**શુભદિન : ભાદરવા વદ-૧૦, રવિવાર, તા. ૨૯-૯-૨૦૧૩**

**માણેકબાગ સાંસ્કૃતિક હોલ,** નહેરૂ નગરની બાજુમાં, આંબાવાડી, અમદાવાદ

### મંગલ કાર્યક્રમ

| | |
|---|---|
| સવારે : ૭-૩૦ કલાકે | નવકારશી |
| ૯-૦૦ કલાકે | પૂજ્યશ્રીને વંદન, માંગલિક શ્રવણ. |
| ૯-૧૫ કલાકે | પૂ.પં.શ્રી **મહાબોધિ વિ.મ.**નું પ્રેરણાદાયી પ્રવચન. |
| ૧૦-૩૦ કલાકે | નવા **વિહાર સેવા ગ્રુપો**ની સ્થાપના. |
| ૧૧-૦૦ કલાકે | એક્ષીડંટ પોલિસી તેમજ એક્ષિડંટ કેસ અંગે લિગલ માહિતીની જાણકારી. |
| ૧૨-૦૦ કલાકે | વિહાર દરમિયાન યુવાનોએ રાખવાની વિશેષ સાવધાની. |
| ૧૨-૩૦ કલાકે | અલ્પાહાર |
| ૧-૩૦ કલાકે | વિહાર સેવા ગ્રુપ વિડિયો દર્શન |
| ૨-૦૦ કલાકે | જુના વિહાર સેવા ગ્રુપના રિપોર્ટ વાંચન |
| ૩-૦૦ કલાકે | બાકી રહેલા ગ્રુપને મોમેન્ટો વિતરણ |
| ૩-૩૦ કલાકે | પૂજ્યશ્રીનું ઉપસંહાર પ્રવચન |
| ૪-૩૦ કલાકે | સર્વમંગલ |
| ૫-૦૦ કલાકે | સાધર્મિક ભક્તિ |

નોંધ : સમયાનુસાર કાર્યક્રમમાં ફેરફાર થઈ શકે છે.



# મોrninગ પાઠશાળા

સંકલન :
જીતુભાઇ સર - મુલુંડ
(મો.) ૦૯૨૨૪૩૬૦૧૮૩

પર્યુષણ પર્વ હમણા જ પૂરું થયું.
સહુને મોર્નિંગ ન્યુઝના મિચ્છામિ દુક્કડમ્.

સર્વત્ર સુંદર આરાધના થઈ છે. તમે પણ જે સંઘમાં હશો, ત્યાં સરસ આરાધના - તપસ્યા આદિ થયા હશે.

એક વાતે ખુશી થાય છે... કે પ્રતિવર્ષ ભારતના દરેક સંઘોમાં પ્રતિક્રમણમાં ભાઈઓની સંખ્યા વધતી જ જાય છે. (બહેનોની તો વધારે હોય જ છે.) ક્યારેક તો પ્રવચન કરતા ય પ્રતિક્રમણમાં સંખ્યા વિશેષ દેખાય છે.

પણ દુ:ખની વાત એ છે કે આમાંથી કદાચ ૫૦ ટકા જેટલાને ધાર્મિક સૂત્રોનું જ્ઞાન હોતું નથી. આમ કહીને અમે જેઓ જ્ઞાન વગર પણ ક્રિયા કરે છે તેનું મનોબળ તોડી નાંખવા માંગતા નથી, પણ એટલું તો કહેવાનું મન જરૂર થાય છે... કે કમ સે કમ બે પ્રતિક્રમણના સૂત્રો પણ જો સહુ શીખી લ્યે તો પ્રતિક્રમણ કરતી વખતે એ સૂત્રોમાં ઉપયોગ રહે. પ્રતિક્રમણની મંગળક્રિયા બોરિંગ ન લાગે. ક્રિયા કરતી વખતે જ્યાં ત્યાં મન ભટકે નહિ. બાળકો-યુવાનો પાછળ બેસીને ઠઠ્ઠા-મશ્કરી કરે નહિ.

આ સૂત્રો શીખવા માટે દરેક સંઘમાં યુવાનો - ભાઈઓ માટે મોર્નિંગ પાઠશાળા ખોલવા જેવી છે. ઘાટકોપર, મુલુંડ, ભિવંડીની પાઠશાળાના અનેક વિદ્યાર્થીઓ છેલ્લા ત્રણ/ચાર વર્ષથી પાઠશાળાના માધ્યમે બે પ્રતિક્રમણ, પાંચ પ્રતિક્રમણના સૂત્રોને ક્રોસ કરી ગયા છે. જેના કારણે એ પાઠશાળાના અનેક વિદ્યાર્થીઓ પર્યુષણના દિવસોમાં અનેક સ્થળે આરાધના કરાવવા જાય છે. ચાલુ વર્ષે પણ રાજસ્થાન અને મહારાષ્ટ્રના સંઘોમાં મોર્નિંગ પાઠશાળા (ભિવંડી-મુલુંડ)ની લગભગ પાંચ ટીમ આરાધના કરાવવા ગઈ હતી.

આરાધના કરાવવા ગયેલા સહુ વિદ્યાર્થીઓને એ વાતે અત્યંત ખુશી છે કે પાઠશાળામાં ભણેલા સૂત્રો બીજાને આરાધના કરાવવા કામ લાગ્યા. આ રીતે પણ પાઠશાળા દ્વારા ચડેલું ઋણ ઉતારવાનો યત્કિંચિત્ લાભ મળ્યો.

આની સામે જેઓ પાઠશાળામાં જતા નથી, જુના સૂત્રોનું રિવિઝન કરતા નથી... તેના સૂત્રોમાં કેવા છબરડા વળતા હોય છે... તે તો તેઓ બોલે ત્યારે જ ખબર પડે. (હમણા એક સંઘમાં ખરું થયું. એક ભાઈએ ચૌદશના દિવસે સકલ સંઘને મિચ્છામિ દુક્કડમ્ આપવાનો ચડાવો લીધો. જ્યારે એમનો વારો આવ્યો... ત્યારે ઊભા થઈને તેઓ મોટેથી બોલ્યા... સકળ સંઘને તન-મન-ધનથી મિચ્છામિ દુક્કડમ્. સભામાં થોડી હસાહસી થઈ. હવે અહીં બોલવાનું હતું... મન-વચન-કાયાથી મિચ્છામિ દુક્કડમ્. પણ એમણે બાફી નાંખ્યું... તન-મન-ધનથી મિચ્છામિ દુક્કડમ્. આ દિવસોમાં આવા તો ઘણા બધા લોચાઓ બહાર આવતા હોય છે.)

આગામી અંકોમાં આવશ્યક સૂત્રોમાં બોલાતી પ્રસિદ્ધ અશુદ્ધિઓ ઉપર પ્રકાશ ફેંકવાની ભાવના છે. એ સિવાય પ્રચલિત સ્તવનોમાં પણ કેટલીક અશુદ્ધિઓ ઘુસી ગઈ છે... તે પણ સુધારા સાથે આપવાની ગણતરી છે.

આપના ખ્યાલમાં પણ આવી કોઈ માહિતી હોય તો અવશ્ય અમને જણાવશો.

• • •

# મોRninગ PHOTO



વિ.સં. ૨૦૬૯, ચૈત્ર સુદ-૧૩ વડોદરાના વિહારસેવા ગ્રુપના ૨૦૦થી અધિક યુવાનોએ રથયાત્રા દરમિયાન આગવી રીતે વિહારસેવાનો કરેલો પ્રચાર.



## સ્વયંસેવકો રસ્તા પર વિહાર કરતાં જૈન સાધુ-સાધ્વીઓની રક્ષા કરશે

દિવ્યભાસ્કર - સમાચારપત્રે વિહારસેવા ગ્રુપની લીધેલી નોંધ.

**Morning મેસેજ**

સંકલન : શ્રેણિક શાહ–અમદાવાદ
(મો.) ૦૯૮૯૮૪૯૦૦૯૧

પ્રિય મિત્રો...... પ્રણામ.

ચાતુર્માસના દિવસો ચાલી રહ્યા છે. આપણા સહુની મુખ્ય પ્રવૃત્તિ – વિહાર સેવા અત્યારે થંભી ગઈ છે. માનોને, ચાર મહિનાનું આપણને વેકેશન મળી ગયું છે. પણ આ વેકેશનથી ક્યાંક એવું ન બને કે ચાર મહિનાનો વિરામ આઠ મહિનાની આપણી વિહારસેવામાં પ્રમાદ લાવી દે. આપણી ગુરુભક્તિને કાટ લગાડી દે.

એટલે જ ગતવર્ષથી દર વર્ષે એક વખત ચાતુર્માસમાં પર્યુષણ પછી પૂ. ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરી મહારાજની પાવન નિશ્રામાં આપણે સહુએ ભેગા થવું... એવો નિર્ણય લેવાયો છે. નિર્ણયાનુસાર ગત વર્ષે સૂરત–ઉમરામાં આ સંમેલન થયેલ. આ વર્ષે અમદાવાદ મુકામે ભાદરવા વદ–૧૦, રવિવાર, તા. ૨૯–૯–૨૦૧૩ના સંમેલન નક્કી થયેલ છે. આ સંમેલનમાં આપના ગ્રુપમાંથી આપ કેટલા મેમ્બરો સાથે, કઈ રીતે (બસથી, ટ્રેનથી કે પ્રાઈવેટ વાહનથી) અને કેટલા વાગ્યા સુધીમાં પધારી રહ્યા છો તે નીચેના નંબર પર જાણ કરશો. જેથી આપની વ્યવસ્થા અમે સારી રીતે કરી શકીએ.

આપ સહુ મિત્રો અચૂક પધારશો. અરે, વિહારસેવા ગ્રુપમાં ન જોડાયા હોય તેવા પણ યુવાનોને અવશ્ય લાવશો.

અત્રે પધારવાથી પૂજ્યોના દર્શન–વંદનનો તો લાભ મળશે જ. સાથે આપણી ગુરુભક્તિને વેગ મળશે. આપણી વિહાર સેવામાં પાવર પુરાશે. આપણે ડબલ જોશથી આ અભિયાનમાં જોડાઈ જઈશું.

વિશેષ વાતો રૂબરૂમાં કરશું.

## : સંમેલન સ્થળ :

**દિવસ : ભાદરવા વદ-૧૦, રવિવાર, ૨૯-૯-૨૦૧૩**

**માણેકબાગ સાંસ્કૃતિક હોલ,**

નહેરૂ નગરની બાજુમાં, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૧૫

| | |
|---|---|
| વિશેષ જાણકારી માટે | સંપર્ક : અંકિતભાઈ - ૯૮૨૫૨૩૪૫૦૧ પ્રશાંતભાઈ - ૯૮૨૫૦૩૨૩૦૦ સચીનભાઈ - ૯૮૯૮૨૦૨૧૮૪ |

: આ અંકનું સૌજન્ય :

**સિદ્ધિતપના તપસ્વી કીર્તિભાઈ એ. શાહ**

**ધરણીધર, અમદાવાદ**

શ્રી,

પ્રકાશક : શ્રી વિહારસેવા ગ્રુપ C/o. કિરીટ ગ્રાફિક્સ
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, રતનપોળ, અમદાવાદ–૩૮૦ ૦૦૧
(મો.) ૦૯૮૯૮૪૯૦૦૯૧ e-mail : kiritgraphics@yahoo.com